# <u>પ્રકરણ-૬</u>

# (નિયમ સંગ્રહ-૭)

**<u>તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક.</u>**

**૭.૧** જાહેત તંત્રને લગતાં બોર્ડ, પરિષદો, સમિતિઓ અને અન્ય મંડળો અંગેની વિગત નીચેના નમૂનામાં આપો.

**<u>ખાતા હસ્તક કોઈ બોર્ડ, પરિષદની રચના થયેલ છે.</u>**

૧. ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારની ભાગીદારીમાં સંકલિત બાળ સુરક્ષા યોજના વર્ષ ૨૦૦૯ માં અમલીકરમાં મુકવામાં આવી. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા મધ્યસ્થ સંસ્થા તરીકે રાષ્ટ્રીય કક્ષાએ અમલીકરણ કરે છે. રાજ્ય કક્ષાએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ આ યોજનાના અમલીકરણ માટે જવાબદાર છે. આ યોજનાનું અમલીકરણ કરવા માટે ગુજરાત રાજ્ય દ્વારા ભારત સરકાર સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. આ સંકલિત બાળ સુરક્ષા રાજ્ય સરકાર દ્વારા ભારત સરકાર સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. આ સંકલિત બાળ સુરક્ષા યોજનાના અમલીકરણ માટે ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીનું રજિસ્ટ્રેશન પબ્લિક ટ્રસ્ટ એક્ટ-૧૯૫૦ હેઠળ ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૧ ના રોજ કરવામાં આવ્યું.

યોજનાના અમલ માટે રાજ્ય, જિલ્લા, તાલુકા / વોર્ડ અને ગ્રામ્ય કક્ષાએ અમલકર્તા તથા મૂલ્યાંકન માળખાઓ ઊભા કરવાની જોગવાઈ કરેલ છે.

- રાજ્ય કક્ષાએઃ-
    - અમલકર્તા માળખાઓઃ
        - ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી
        - સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સી
    - મૂલ્યાંકનકર્તા માળખાઓ
        - ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીની ગવર્નીંગ બોડી- ચેરપર્સન-મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય
        - ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીની ગવર્નીંગ બોડી-ચેરપર્સન – મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય

- ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સમિટી/ કારાબોરી સમિતિ- ચેરપર્સન- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિરારીતા વિભાગ, ગુજરાત રાજ્ય
- દત્તક ભલામણ સમિતિ- સુપ્રિમ કોર્ટના નિર્દેશ તથા કારાની ગાઈડલાઈન મુજબ

► જિલ્લા કક્ષાએ-

- અમલકર્તા માળખાઓઃ-
  - જિલ્લા બાળ સુરક્ષા એકમ- ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી દ્વારા જિલ્લા કક્ષાએ સ્થાપવામાં આવેલ એમક-૨૬ જિલ્લામાં કાર્યરત અને નવા ૭ જિલ્લા માટ મંજૂરી મળેલ છે.
  - બાળ કલ્યાણ સમિતિઃ સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો માટેની મ વૈધાનિક મંડળી-૨૬ જિલ્લામાં કાર્યરત નવા ૭ જિલ્લા માટે મંજૂરી મળેલ છે.
  - જુવેનાઈલ જસ્ટિસ બોર્ડઃ-કાયદા સાથે સંઘર્ષમાં આવતા બાળકો માટેનું વૈધાનિક મંડળ – ૨૬ જિલ્લામાં કાર્યરત નવા ૭ જિલ્લા માટે મંજૂરી મળેલ છે.
  - સ્પેશ્યિલ જુવેનાઈલ પોલીસ યુનિટઃ ૩૦ જિલ્લા પોલીસ સ્ટેશનમાં કાર્યરત
  - બાળ સંભાળ સંસ્થાઓ- કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો માટે જે.જે.એક્ટ ની કલમ ૩૪(૩) અંતર્ગત નોંધણી પામેલ ૯૮ સંસ્થાઓ કાર્યરત.
- મૂલ્યાંકન કર્તા માળખાઓઃ-
  - જિલ્લા બાળ સુરક્ષા સમિતિઃ કુલ ૨૭ જિલ્લાઓમાં કાર્યરત- ચેરપર્સન- પ્રમુખશ્રી, જિલ્લા પચંયાત.
  - સ્પોન્સરશીપ અને ફોસ્ટરકેર અપ્રુવલ સમિતિ- ૨૬ જિલ્લાઓમાં કાર્યરત
  - ઇન્સ્પેક્શન સમિતિ / સલાહકાર મંડળઃ- કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકોને રાખતા બાળ સંભાળ ગૃહોના ઇન્સ્પેક્શન માટે.